# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૧૯ • સળંગ અંક : ૧૨૨ • તા.૧૦ ઓક્ટોબર થી ૧૬ ઓક્ટોબર ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## અત્યાધુનિક ડિજીટલ મિડીયા સાથે

## જ્ઞાતિમૈયા

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

આ અંક સાથે આપ

**ફોર્મ ભરવા માટે**

પેજ નં.૧૮

પરનું ક્લીક બટન

દબાવો

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૧૯ ● સળંગ અંક : ૧૨૨ ● તા.૧૦ ઓક્ટોબર થી ૧૬ ઓક્ટોબર ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# ક્યુબ સોલ્વ કરવામાં માસ્ટર, અદભૂત પ્રતિભાશાળી વન્ડર કિડ

# ૩ વર્ષીય ધાર્મિક ધરમશી!



SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ઘરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સુખ સિધ્ધિને સમૃધ્ધિની દાતા ગૌમાતા

અગાઉ કહેવાતું હતું કે આપણા દેશમાં દૂધ-ઘીની નદીઓ વહેતી હતી. એનો મતલબ એ નથી કે નદીઓમાં પાણીને બદલે દૂધના પ્રવાહ નિરંતર વહેતો રહેતો હતો. પણ એનો ગહન ભાવાર્થ એટલો કે દેશભરમાં દરેક ઘરોમાં દૂધ-ઘીની રેલમ છેલ રહેતી હતી. કારણ કે, એ સમયે ગામડાઓ સમૃધ્ધ હતા અને એના દરેક ઘરોમાં દૂઝણા ઢોર ખાસ કરીને ગાયોને પાળી તેના દૂધ ને તેના આડ પદાર્થો, માખણ, ઘી, છાશ ક્યારે ખૂટતા ન હતા. શહેરો એટલા મોર્ડન ન હતા. ત્યાં વસતી એટલે ખીચો ખીચ ન હોવાથી ઓછા મજલાના મકાનો, સિમેન્ટના ઘરો હતા. ગામડાના ગાર, કાચી માટીના ઘરોમાં છાણનું લીંપણ થતું. આમ ગાય દ્વારા મળતી દરેક વસ્તુઓ ઘરમાં ખેતરમાં વપરાતી હતી. ગોબર-ખાતર ખેતરમાં વપરાતું હતું. ચૂનો, ગાર-માટી અને છાણના લીંપણથી ભોંય અને દીવાલો કુદરતી રીતે ઠંડક આપતી અને ઠંડીમાં ગરમાવટો આપતી હતી.

ગાયને કામધેનુ કહેવાઈ છે. તેના દ્વારા મળતા પંચગવ્યો જનજીવન માટે અતિ ઉપયોગી છે. આજે એના ઉપર સંશોધન કરી દવા માટે ઉપયોગ કરાય છે. આજે લોકોના માનસિકતા સ્વાર્થી છે. જ્યાં સુધી ગાય કમાઉ રહી ત્યાં સુધી પોષે છે ત્યારબાદ તેને રસ્તે રઝળતી છોડી દે છે. ખેતરોમાં આજે આધુનિક ઓજારોથી ખેતી થાય છે. એટલે બળદ તો કોઈને પોષાય એવો રહ્યો નથી. એટલે રસ્તે રઝળતા ચોપગા પ્રાણીઓમાં આખલાઓ વધુ હોય છે.

અગાઉ જેટલા દૂધાળા ઢોર ઘરમાં એટલી સમૃધ્ધિ ગણાતી હતી. ગાયોને ગોધન કહેવાતું ભેંસના દૂધની તુલનામાં ગાયોના દૂધ પચવામાં હલકું અને ગુણો સભર હોય છે. ભેંસની સરખામણીમાં ગાય વધુ સ્ફૂર્તિવાળા અને ચપળ હોય છે. એવી જ રીતે પાડા કરતાં આખલામાં તાકાત વધુ હોય છે. આપણામાં કહેવાયું છે કે અન્ન તેવો ઓડકાર એ ન્યાયે ગાયના દૂધથી તાજગી આવે છે. જ્યારે ભેંસના દૂધથી જડતા અને શિથિલતા શરીરમાં વળે છે. ગાયનું ઘી આયુર્વેદમાં ઔષધી તરીકે છૂટથી વપરાય છે. શરીરની તંદુરસ્તી માટે ગાયના દૂધથી થતું ઘી અધિક ઉપયોગી છે તેવી જ રીતે વાતાવરણ પર્યાવરણ શુધ્ધિ માટે યજ્ઞમાં આહુતિ માટે ગાયનું ઘી વપરાય છે. મંદિરોમાં પણ દિવાબતીમાં ગાયનું ઘી થી હવાની પ્રદુષિતા નાશ પામે છે. આમ તન, મન અને હવામાન માટે પણ ઘી અતિ ઉત્તમ ઔષધ છે.

ગાય જીવન પર્યંત છાણ અને મૂત્રના રૂપમાં આપણને ઉપયોગી ઔષધ, બળતણ અને ખાતર આપે છે. ગાયનું ગોબર ઉત્તમ કુદરતી ખાતર છે અને મૂત્ર વગર મૂલ્યે મળતું ઉપયોગી જંતુનાશક દ્રવ્ય છે. સૂકાયેલું ગોબર બળતણ માટે ઉપયોગી છે. તો તેનો ઉપયોગ ધૂપ માટે કરવાથી રોગિષ્ટ જંતુઓનો નાશ કરે છે. ગોબરને સંચિત કરી તેમાંથી ગેસ ઉત્પાદન કરી તે રસોઈ માટે ઈંધણ સર્જે છે. આ ગોબર ગેસ પ્લાન્ટ અનેક સંસ્થાઓમાં ઉપયોગી થાય છે.

ગાય બળદને જન્મ આપે છે. જે ખેતીપ્રધાન દેશ માટે સૌથી સોંઘુ પ્રદૂષણરહિત ઉપયોગી સાધન છે. માલ સામાનની હેરફેર માટે અને પ્રવાસીઓના વહન માટે બળદ ગાડા મોંઘા પેટ્રોલ ડિઝલની અવેજીમાં સસ્તી સુખડી અને સિધ્ધપુરની જાત્રાનું કામ કરે છે.

આમ ગાય અને ગૌવંશ પ્રાચીન કાળથી ઉપયોગી થયા છે અને સુખ, સિધ્ધિ, સમૃધ્ધિને તાણી લાવનાર દાતા છે.

- જય જ્ઞાતિમૈયા

# હાર કરતાં હારી જવાનો ડર વધુ મુશ્કેલી સર્જે છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ભય એ માનવી માત્રનો સૌથી મોટો દુશ્મન છે. જીવનમાં ભય હોય તો ભવિષ્યની ચિંતા આપે છે. આવનારો સમય કેવો હશે તેની કોઈને કલ્પના નથી હોતી. ભય માનવીને હતોત્સાહ કરે છે, નાહિંમત કરે છે. એટલે હિંમત હારનાર વ્યક્તિ અડધી બાજી આપોઆપ અન્યને હવાલે કરી દે છે. જે મુસીબતનો અડગતાથી સામનો કરે છે તે હારી જવાં છતાં અજિત છે, અડગ અડીખમ છે. સાહસને વરનાર શૂરવીર, હિંમતવાનને ભડવીર છે. ભય માણસને અશક્ત નાહિમત અને નમાલો બનાવે છે. આ હતોત્સાહ થયેલ વ્યક્તિ પોતાની કાબેલિયત પૂર્ણપણે બતાવી શકે તો નથી.

યુધ્ધ એ અસ્ત્ર, શસ્ત્રના બળે જિતાય છે એ ખરું છે પણ એમાં મન, બુધ્ધિ, મનોબળ, દાવપેચના આટાપાટા તથા ચતુરાઈ ભર્યું વ્યૂહ પણ મોટો ભાગ ભજવે છે. સાહસ વિના સિધ્ધિ મળતી નથી અને સાહસ એ દાખવી શકે છે જે હિંમત હારી નથી. સફળતાના શિખરે બિરાજીત થવા દ્રઢ નિર્ધાર અને અદમ્ય સાહસ હોવું જરૂરી છે. જીવનમાં ડગલેને પગલે, પળે પળે મુશ્કેલીઓ આવવાની છે અને મુસીબતોનો સામનો કરવા સંઘર્ષ અનિવાર્ય છે. હારના ડરથી ભયભીત થઈ જનાર વ્યક્તિ મુકાબલો કરવાનું સામર્થ્ય ગુમાવી દે છે. હારની આશંકાથી ઘેરાઈ તે પોતાનું કૌવત પણ ગુમાવી બેસે છે અને આમ હરીફ સામે સબળો, સશક્ત હોવા છતાં નબળો પૂરવાર થાય છે.

હાર જીત નસીબની વાત છે. હાર મળે તો હતાશા ઘેરી ન વળે એ વાતે સભાનતા રાખવી જરૂરી છે. હારનો હાઉ હિંમત ન ભાંગી ન નાંખે એ જોવું જોઈએ. સકારાત્મકતા રાખી હારમાંથી બોધપાઠ ગ્રહણ કરીએ તો જરૂર એમાંથી આગામી જીતનો પાયો નાંખી શકાય છે. બાકી હારી જઈશું ના ભય હેઠળ જંગના મેદાનમાં ન ઉતરનાર પોતાના કાર્યકુશળતાને કૌશલની પરખ કરી શકતો નથી અને પારોઠના પગલાં લઈ જીતના લક્ષ્યને પણ ગુમાવી દે છે. શાણો વ્યક્તિ એ છે જે મોટી છલાંગ લગાવવા માટે થોડા ડગલાં પાછળ હટે છે.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ક્યુબ સોલ્વ કરવામાં માસ્ટર, અદભૂત પ્રતિભાશાળી વન્ડર કિડ ધાર્મિક ધરમશી!

ઘણી વખત આપણે પાંચ-છ વર્ષના કેટલાક બાળકોને એક નિષ્ણાતની માફક તબલાં કે વાંસળી વગાડતા જોઈએ છીએ ત્યારે આપણને લાગ્યા વિના ન રહે કે આ બાળકમાં પૂર્વજન્મના સંસ્કારથી તો આવી અદભૂત કલાકારી ઉતરી આવી નહીં હોય! આજે એવા જ એક પ્રતિભાશાળી બાળકનો પરિચય મેળવવો છે જેણે ફક્ત છ વર્ષની ઉમરમાં સામાન્ય રીતે અઘરા ગણાતા ક્યુબ સોલ્વ કરવામાં અદભૂત નિપૂણતા મેળવી છે. આટલી નાની ઉમરમાં તેણે મેળવેલ સિધ્ધિઓ જોઇને મોંમાં આંગળા નાખી જવાય અને એમ કહ્યા વિના ન રહેવાય કે, વાઉ, હી ઈઝ અ રીયલ વન્ડર કીડ!

આ મુલુંડવાસી બાળકનું નામ છે ધાર્મિક. ઈ.સ. ૨૦૧૪માં ગાંધી જયંતી એટલે કે બીજી ઓક્ટોબરના રોજ માતા ખુશ્બૂ અને પિતા સમીર પંકજ ધરમશીને ત્યાં જન્મેલો ધાર્મિક હજી બાર દિવસ પહેલાં જ છ વર્ષનો થયો છે. હાલ તે મુલુંડની શેઠ કરમશી કાનજી ઇંગ્લિશ સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યો છે. હજી તેની ઉમર ભલે નાની છે, પરંતુ તેણે મેળવેલી સિધ્ધિઓ ખૂબ મોટી છે. ચાલો, જોઈએ ધાર્મિકની ઝળહળતી સિદ્ધિઓની એક ઝલક.



- માર્ચ ૨૦૧૭માં માત્ર ત્રણ વર્ષ અને પાંચ મહિનાની ઉંમરે ધાર્મિકએ કિડઝેનિઆ દ્વારા આયોજિત નેશનલ ચેમ્પિયનશીપમાં ૩બાય૩નો ક્યુબ ફક્ત ત્રણ જ મિનીટમાં સોલ્વ કરીને બ્રોન્ઝમેડલ મેળવ્યો હતો.
- ૮ જુલાઈ, ૨૦૧૮ના ત્રણ વર્ષ અને આઠ મહિનાની વયે ધાર્મિકએ વર્લ્ડ ક્યુબ એસોસિએશન દ્વારા આયોજિત ૩બાય૩,ક ટુ બાય ટુ અને પિરામિન્ક્ષ સોલ્વિંગ સ્પર્ધામાં ૩બાય૩ ક્યુબ બે મિનીટ ૫૮ સેકન્ડ અને ટુ બાય ટુ ક્યુબ ફક્ત ૩૪ સેકન્ડમાં સોલ્વ કરીને સૌથી નાની વયના (યંગેસ્ટ) ક્યુબરની વર્લ્ડ ટ્રોફી મેળવી હતી.
- તા. ૨૨ જુલાઈ ૨૦૧૮ના યોજાએલી ડિસ્ટ્રીકટ ચેમ્પિયનશીપમાં પણ ૩બાય૩,ક ટુ બાય ટુ અને પિરામિન્ક્ષ સોલ્વિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધાર્મિકએ ત્રણ ટ્રોફી તેમ જ યંગેસ્ટ ડિસ્ટ્રીકટ ચેમ્પિયનશીપ જીતી હતી.
- ૨૭ એપ્રિલ, ૨૦૧૯ના યોજાએલ ક્યુબનામા ૩બાય૩,ક ટુ બાય ટુ અને પિરામિન્ક્ષ ચેમ્પિયનશીપમાં આ ત્રણેય પ્રકારના ક્યુબ સોલ્વ કરવામાં પ્રથમ આવીને મેડલ હાંસિલ કર્યા હતા.
- તા. ૦૨/૧૦/૨૦૧૯ના એટલે કે ધાર્મિકના પાંચમાં જન્મદિને ઘાટકોપરના લાયન્સ કમ્યુનિટી હોલમાં રુબિક પિક્સેલ ચેમ્પ સ્પર્ધા યોજાઈ હતી જેમાં ધાર્મિકએ મોઝેઈક ક્યુબમાં ભાગ લીધો હતો.
- તા. ૧૩માર્ચ, ૨૦૨૦ના ચીપ એન્ડ ડેલ સ્કૂલએ ધાર્મિકને યંગેસ્ટ ક્યુબરનો એવોર્ડ એનાયત કર્યો હતો.
- તા. ૮ ઓગસ્ટ, ૨૦૨૦ના બ્રેઈન જીમ્નાસ્ટ દ્વારા ક્યુંબિંગ ચેલેન્જની ઓનલાઈન સ્પર્ધા યોજાઈ હતી જેમાં ધાર્મિકએ મિરર ક્યુબ ફક્ત ત્રણ મિનીટમાં સોલ્વ કરી ત્રીજું ઇનામ અને ટ્રોફી જીત્યાં હતાં.
- અન્ય એક મોટી સફળતામાં ધાર્મિકએ ઇન્ડિયા બૂક ઓફ રેકોર્ડ્સ દ્વારા આયોજિત સ્પર્ધામાં ૯ વિવિધ પ્રકારના ક્યુબ્ઝ ફક્ત ૧૦ મિનીટ ૫૫ સેકન્ડમાં સોલ્વ કરીને અદભૂત સિદ્ધિ મેળવી હતી.
- ધાર્મિકને હજી સુધી ૧૫ વિવિધ પ્રકારના રુબિક ક્યુબ સોલ્વ કરતા આવડે છે. આ સર્વ ૧૫ પ્રકારના ક્યુબ્ઝ તે ૨૨ મિનીટ ૫૫ સેકન્ડમાં સોલ્વ કરી શકે છે.

રૂબિક ક્યુબ સોલ્વ કરવામાં માસ્ટરી ધરાવવા ઉપરાંત ધાર્મિકએ શાળાની સ્પર્ધાઓમાં ઈંગ્લિશ રાય્મ્સ રીસાઈટેશન, ક્રાફ્ટ, કોલાજ વર્ક, કલે મોડેલિંગ અને ફેન્સી ડ્રેસમાં પણ અનેક ઇનામો જીત્યા છે. તેણે મેથ્સ અને પર્યાવરણ વિજ્ઞાનની રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લઈને એ-પ્લસ ગ્રેડ, મેડલ્સ અને પ્રમાણપત્રો મેળવ્યા છે. આજ સુધી તેણે ૧૦થી પણ વધુ રુબિક ક્યુબ સોલ્વ કરવાની સ્પર્ધાઓમાં ભાગ લીધો છે.

ધાર્મિકએ મેળવેલી આ સર્વ સિદ્ધિઓમાં તેના માતા-પિતાએ તેને સતત આપેલા પ્રોત્સાહનનો ફાળો ખૂબ મહત્વનો છે. વન્ડર કિડ ધાર્મિક, તેના પેરેન્ટ્સ અને ગ્રાન્ડ પેરેન્ટ્સને ખૂબ ખૂબ અભિનંદન!

# ગુજરાતી રંગભૂમિના કલાકાર અને દિગ્દર્શક કમલેશ મોતાનું નિધન



ભારતીય વિદ્યાભવનના પ્રોગ્રામ ડિરેક્ટર અને ગુજરાતી નાટ્ય રંગભૂમિના જાણીતા એક્ટર-ડિરેક્ટર કમલેશ મોતા (ઉ.વ.૬૦)નું તા.૬ ઓક્ટોબર મંગળવારે સવારે સાડા ત્રણ વાગ્યે મેસિવ હાર્ટ એટેકથી સૈફી હોસ્પિટલમાં નિધન થયું. તેઓને મેલેરિયા થયો હોવાથી સારવાર અર્થે સૈફી હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા હતા. મૂળ દલતુંગી, હાલારના અને મસ્જિદ બંદરમાં રહેતા કમલેશભાઈ મોતા બાળપણથી નાટ્ય અભિનય કરવા પ્રત્યે આકર્ષાયા હતા અને બાળનાટકોમાં અભિનય કર્યો હતો. આ ક્ષેત્રે તેમની કારકિર્દીની શરૂઆત લગભગ ૧૯૮૨થી શરૂ થઈ હતી. આમ લગભગ ચાર દાયકાનો દીર્ઘકાળ અદાકારી અને દિગ્દર્શક તરીકે રંગભૂમિને ગજવી.

ભારતીય વિદ્યા ભવનમાં સ્વ. ગિરીશ દેસાઈ-ભાઉ સાહેબના હાથ નીચે ઘડાયા અને આગળ વધવા અને તેમની વિદાય પછી ભવન્સની બાગડોર કાબેલ પણે સંભાળી પણ ખરી. પોતાની ઉંમરમાં મોટા નિર્માતા દિગ્દર્શક કે કલાકારો આવે કે નવોદિત કલાકારો આવે સૌને હોંશે હોંશે મળે અને યથોચિત માગદર્શન પણ આપે. ઊભરતા કલાકારોને તો વિશેષ પ્રોત્સાહન આપતાં.

તેમના અકાળ નિધનના સમાચાર પ્રસરતા ગુજરાતી રંગભૂમિ જગતમાં શોક પ્રસરી ગયો હતો. તેમના સંપર્કમાં આવેલા નામી અનામી નાટ્યભૂમિ સાથે જોડાયેલા અભિનેતા, અભિનેત્રીઓ, દિગ્દર્શક નિર્માતાઓ તેમના સરળ મૈત્રીપૂર્ણ સ્વભાવ અને રંગભૂમિ પ્રત્યેની નિષ્ઠાની સ્મૃતિ તાજી કરી હતી. જેમાં પૂર્વ સમયના નાટક અને ટીવી કલાકાર હાલે વર્તમાનમાં કેન્દ્રીય પ્રધન સ્મૃતિ ઈરાની, અભિનેત્રી રાગિણી મીનલ પટેલ, લેખિકા કાજલ ઓઝા વૈદ્ય, નાટ્ય કલાકાર વિપુલ વિઠલાણી, નિર્માતા રાજેન્દ્ર બુટાલા તથા કિરણ ભટ્ટ વિગેરે એ હતા.

તેમની પાછળ પત્ની અપ્રમી, પુત્રી શારવી અને પુત્ર ધ્રુવ છે. પુત્રી શારવી પપ્પાના પગલે એક્ટિંગ ફિલ્ડમાં પ્રવેશ કર્યો છે.

દિગ્ગજ કલાકાર ચાંપશીભાઈ નાગડા પછી જ્ઞાતિના તેજસ્વી કલા પ્રતિભા એવા કમલેશ મોતાના નિધનથી જ્ઞાતિ સમાજને અખૂટ ખોટ પડી છે જે ક્યારે કદિ ભરપાઈ થશે નહીં.

# શ્રી બાયઠ ક.દ.ઓ. જૈન મહાજનના પ્રમુખ શ્રી ઠાકરશીભાઈ ગોસરનું નિધન



શ્રી બાયઠ જૈન મહાજન તથા શ્રી બાયઠ કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના પ્રમુખ તરીકે ઘણા વર્ષો સુધી સેવા આપી રહેલા પ્રમુખ શ્રી ઠાકરશીભાઈ ગોસરનું અવસાન બુધવાર તા.૭ ઓક્ટોબરના થયેલ. આ સમાચાર જાણી સમસ્ત બાયઠ જૈન મહાજન તથા સકળ બાયઠ ગ્રામવાસીઓને ખૂબજ આઘાતની લાગણી થઈ છે.

તેઓએ મહાજન તથા ગામ માટે કરેલી સેવાઓ કદી ન ભૂલાય એવી યાદો છે. તેમના નિધનથી બાયઠ ગામને તથા શ્રી ક.દ.ઓ.જૈન સમાજને કદી ન પૂરાય એવી ખોટ પડી છે. ઠાકરશીભાઈ ટી.એમ.ગોસરના નામે પ્રખ્યાત હતા તેઓ જ્ઞાતિના પ્રખ્યાત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતા અને તેઓ અરિહંત બેંકના માજી ચેરમેન તરીકે પણ સેવા આપી હતી. તેમના કુટુંબના તેમની દિકરીઓ છે થોડા દિવસ પૂર્વે જ તેમના ધર્મપત્નીનું અવસાન થયું હતું.

તેમના દિવ્ય આત્માને પ્રભુ પરમાત્મા પરમશાંતિ અર્પે અને એમના પરિવારજનોને આવી પડેલ આ દુઃખ સહન કરવાની શક્તિ મળે એ જ પ્રાર્થના કરે છે.



UNLOCK YOUR BUSINESS
Under KDO B2B Platform
To boost your business is only KDO B2B's motto
Get your Business Advertisement FREE in our weekly emagazine GYATIMAIYA at 1st come 1st basis
Advertisement for any of your business, gruh udhyog, profesional services, etc.
Home operate business also can be advertised
POST YOUR
FREE ADS
KDO
BUSINESS
For further information please call 90990 41414 (Sheetal Dhulla)

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ.તિલોકચંદભાઈ નરશી દંડ

**ગામ : વરાડીયા, હાલે - મલકાપુર**

**સ્વર્ગવાસ : તા.૧૭-૯-૨૦૨૦**

આપનો પ્રેમાળ અને વાત્સલ્ય ભર્યો ચહેરો,
આપનો શાંત, સરળ, ધાર્મિક સ્વભાવ,
સદા આપશે અમને પ્રેરણા, અને
બની રહેશે અમારા પથદર્શક !

પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને ચીરશાંતિ
અને ઉચ્ચગતિ આપે એજ પ્રાર્થના

-: શોકાતુર :-

## શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન-બડગરા

# એક અનોખું જ વ્યક્તિ ધરાવતા શ્રેષ્ઠીવર્ય શ્રી તિલોકચંદભાઈ

સને ૧૯૯૭ના અંતમાં વડોદરા મહાજનના જ્ઞાતિ વસતીપત્રક બહાર પાડવાના પ્રકલ્પને જ્ઞાતિપત્રે પોતાના નામે કરવા પ્રયત્ન કરતાં વડોદરા મહાજને, સમસ્ત મહાજનની સુષુપ્ત અવસ્થામાં જ્ઞાતિના મોભી મહાજન, મુંબઈ મહાજનશ્રીને આ બાબત ફરિયાદ કરી અને તિલોકચંદભાઈને પણ જાણ કરી. તિલોકચંદભાઈએ મુંબઈ મહાજનના પ્રમુખશ્રી નિરંજનભાઈ મોમાયાને જ્ઞાતિના સર્વે મહાજનનોની મુંબઈમાં સભા બોલાવી ફેંસલો કરવા સલાહ આપી અને ઓગસ્ટ ૧૯૯૮માં વસ્તીપત્રક સમિતિની રચના થઈ. મુંબઈ મહાજને મને એ સમિતિમાં નીમ્યો. શ્રી તિલોકચંદભાઈ પણ ટ્રસ્ટી હતા. અદ્યતન વસ્તીપત્રક બહાર પડે તે માટે તેઓ ઘણો રસ લેતા. મુંબઈ આવે ત્યારે તેમને સતત મળવાનું થતું. મહારાષ્ટ્ર એકમની વાર્ષિક સભાઓમાં આમંત્રણ મોકલતા અને દર વર્ષે બે/ત્રણ દિવસ મલકાપુર રહેવાનું થતું. મહારાષ્ટ્ર/ભારતના કાર્યકરોને મળવાનું થતું. સંબંધો બંધાતા તે બાદ વસ્તીપત્રક સમિતિના પ્રમુખપદે છત્રપતિ શેઠ નિમાતા સંબંધ ચાલુ રહ્યા. તિલોકચંદભાઈ કૌટુંબિક સંબંધે મારા બનેવી હતા. મલકાપુરમાં પ્રસંગોએ જવાનું થતું. આખું કુટુંબ આગતા સ્વાગતામાં કમી ન રાખે. પછી સમય કાઢી જ્ઞાતિની સામાજિક પરિસ્થિતિ બાબત તિલોકચંદભાઈ ચર્ચા કરે અને માર્ગદર્શન આપે. થોડા વર્ષોથી તબિયત નરમ રહેતા મુંબઈ આવવાનું ન થતું પરંતુ પ્રસંગે આવે તો મળવાનું થતું.



આવા જ્ઞાતિપ્રેમી, મિલનસાર, શ્રેષ્ઠીવર્યને ગુમાવતાં જ્ઞાતિસેવાની પ્રવૃત્તિને જરૂર અસર થશે. પ્રભુ એમના આત્માને સત્વર મોક્ષગામી બનાવે એજ પ્રાર્થના સહ.

– રમેશ મેઘજી મોતા-મુલુંડ

# કચ્છીઓ માટે ખુશખબર! મુંબઈ-કચ્છ વચ્ચે સ્પેશ્યલ એસી સુપરફાસ્ટ ટ્રેન શરૂ થશે

અનલોક ઈન્ડિયા અંતર્ગત તબક્કાવાર ભારતભરમાં રેલ્વે સુવિધા શરૂ થઈ રહી છે. તાજેતરમાં રેલ્વે દ્વારા ૩૯ સ્પેશ્યલ ટ્રેનો શરૂ કરવામાં આવશે એમ જાહેર કરવામાં આવ્યું છે. આ ૩૯ ટ્રેનોની યાદીમાં મુંબઈ-કચ્છ વચ્ચે એસી સુપરફાસ્ટ ૨૨૯૦૩/૨૨૯૦૪નો પણ સમાવેશ છે. આ ગાડી ૨૨૯૦૩ બાંદ્રા ટર્મિનસથી રાત્રે ૧૧.૪૫ વાગ્યે ઉપડી બીજા દિવસે બપોરના ૧૨.૪૦ વાગ્યે ભુજ પહોંચશે. વળતી દિશામાં ૨૨૯૦૪ ભુજથી બપોરના ૩.૫૫ વાગ્યે ઉપડી બીજા દિવસે વહેલી સવારે ૫.૧૫ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન નું બુકીંગ એકાદ - બે દિવસમાં શરૂ થશે.



ભારતભરમાં કોરોનાનું સંક્રમણ ઓછુ થયું છે. ઉલ્લેખનીય છે કે સયાજી નગરી એક્સપ્રેસ તા. ૨૨/૯/૨૦ શરૂ થયા બાદ કચ્છમાં કોરોનાનું સંક્રમણ વધ્યું નથી પણ યથાવત જ રહ્યું છે તથા ધીરે ધીરે સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે, એમ શ્રી કચ્છ પ્રવાસી સંઘના નિલેશ શ્યામ શાહએ સોશિયલ મીડિયા પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું.

આ અંગે કચ્છ યુવક સંઘના અગ્રણી કોમલભાઈ છેડાએ જણાવ્યું હતું કે, એસી ટ્રેઈન ૨૨૯૦૩/૨૨૯૦૪ મુંબઈ-ભુજ સપ્તાહમાં ત્રણ દિવસ ચાલે છે. હાલમાં સ્પેશિયલ સર્વિસ તરીકે શરૂ થશે. અમે આ ગાડીના સમયમાં ફેરફાર કરવા જણાવ્યું છે. મુંબઈથી વહેલી અને ભુજથી મોડી ઉપડવી જોઈએ જેથી પ્રવાસીઓને સમયની અનુકૂળતા રહે. આ માગણી પર વિચારણા કરવામાં આવશે એમ રેલ્વેના સૂત્રોએ જણાવ્યું છે. તેમણે આ માટે રેલવેના ઉચ્ચ અધિકારીઓને આભાર માન્યો હતો.

# ભાવપૂર્ણ આદરાંજલિ

જીવન શાશ્વત છે, આત્મા અમર છે,
મૃત્યુ કેવળ એક સીમા છે – આપણી દ્રષ્ટિની સીમા....



-: જન્મ :-
તા.૦૪-૦૧-૧૯૩૭

-: દેહવિલય :-
તા.૦૭-૧૦-૨૦૨૦

## શ્રી ઠાકરશી મેઘજી ગોશર ઉ.વ. ૮૪

ગામ : કચ્છ -બાયઠ, હાલે - ઘાટકોપર

આપની વાતો અમારી શિક્ષા,
આપનું જીવન અમારી પ્રેરણા,
આપની યાદો અમારી દીવાદાંડી.

સ્મરણીય એવા આત્મીય વડીલને નત મસ્તકે,
શ્રદ્ધાસુમન સાથે હૃદયાંજલિ

-: શ્રદ્ધાસુમન :-

**શા. મેઘજી હીરજી ગોશર પરિવાર**
**શા. ધારશી હીરજી વીકમસી પરિવાર**

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડની ઓનલાઈન વાર્ષિક સામાન્ય સભા

ઉપરોક્ત મંડળની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા.૧ નવેમ્બર ૨૦૨૦ના સવારના ૧૦ કલાકે ઝૂમ મીટ પર ઓડિયો વિઝ્યુઅલ મીન્સ માધ્યમે યોજાશે. જેની રજિસ્ટ્રેશન માટેની લીંક છે https://tinyurl.com/KDOJSMAGM2020.

વાર્ષિક સામાન્ય સભાની કાર્યસૂચિ નીચે મુજબની છે.

૧) ગત તા.૮ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની મિનિટસનું વાચંન અને બહાલી. ૨) મંડળની પ્રવૃત્તિઓના અહેવાલની રજૂઆત. ૩) મંડળના વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના ઓડિટ એકાઉન્ટનો ઓડિટરનો અહેવાલનું વાંચન અને મંજૂરી. ૪) ઓડિટરની નિમણૂંકની બાબત. ૫) પ્રમુખશ્રીની રજાથી જે મંજૂર થાય તે.

ઉપરોક્ત વાર્ષિક સામાન્ય સભા કોરમના અભાવે મુલત્વી રહેશે તો તેવી મુલત્વી સભા તે જ ઓડિયો વિઝ્યુઅલ મીન્સ ઝૂમ મીટ માધ્યમે અને તેજ દિવસે અડધા કલાક બાદ એટલે કે સવારે ૧૦.૩૦ કલાકે ફરી મળશે અને તે જ કાર્યસૂચિ મુજબનું કાર્ય હાથ ધરી શકશે અને તેમાં થયેલ કાર્યવાહી કાયદેસરની ગણાશે.

હિસાબી વર્ષ ૨૦૧૯-૨૦૨૦ વર્ષના ઓડિટ હિસાબો સોમવાર તા.૨૬-૧૦-૨૦૨૦ અને મંગળવાર તા.૨૭-૧૦-૨૦૨૦ના રાતે ૯ થી ૧૦ વચ્ચે મંડળના સભ્યોને જોવા માટે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપૂંજ, કસ્તુરબા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦ ખાતે ખૂલ્લા રાખવામાં આવશે. જે સભ્યોને હિસાબો બાબતે કંઈ ખુલાસો જોઈ તો હોય તેમણે બુધવાર તા.૨૮-૧૦-૨૦૨૦ રાતના ૧૦ વાગ્યા સુધી મંડળના મંત્રીઓને લેખિતમાં અથવા ઈમેલ (kdojsm@gmail.com) દ્વારા જણાવવું.

તાજા કલમઃ તા.૫-૧૦-૨૦૨૦ સુધીમાં મંડળના રોલપત્રક રજીસ્ટરમાં નોંધાયેલ સભ્યો આ સભામાં ભાગ લઈ શકશે.

મિટિંગ જોડાવવાની માર્ગદર્શિકા નીચે મુજબ છે.

● આ ઓડિયો વિઝ્યુઅલ મીન્સ મિટિંગ હશે. પૂર્વ નોંધણી પ્રી રજિસ્ટ્રેશન ફરજિયાત છે. સભ્યો તા.૨૯ ઓક્ટોબર ૨૦૨૦ની મધ્યરાત્રિ સુધી રજીસ્ટ્રેશન કરી શકશે. ● રજિસ્ટ્રેશન કરવા અત્રે આપેલી લીંક https://tinyurl.com/KDOJSMAGM2020 ની મુલાકાત લઈ સભ્યોએ વિગતો ભરીને પોતાને રજિસ્ટર કરવાનું રહેશે. ● આ એન્યુઅલ જનરલ મિટિંગ ફક્ત શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડના માન્ય સભ્યો સુધી મર્યાદિત રહેશે. ● સભ્યો તરફથી નોંધણીની વિનંતી પ્રાપ્ત થયા પછી કમિટી મંડળના સભ્યપદના રેકોર્ડના આધારે તે ચકાસાશે અને તેના મંજૂરી આપશે તથા પુષ્ટિ કન્ફર્મેશન સંબંધિત સભ્યોના રજીસ્ટર ઈમેલ આઈડી મોબાઈલ નંબર પર શેર કરાશે. ● કન્ફર્મેશન મેસેજ સાથે મિટિંગમાં જોડાવા માટે ઝૂમ લિંક તેમજ પાસવર્ડ મોકલવામાં આવશે. ● સભ્યોએ ફક્ત તેમના પૂર્વ નોંધાયેલ ઈમેઈલ આઈડી, મોબાઈલ નંબર દ્વારા જ મિટિંગમાં જોડાવવાનું રહેશે. (જે તેમણે રજિસ્ટ્રેશન વખતે આપેલ હશે). ● મિટિંગ દરમ્યાન મંડળના સભ્યો સિવાયના અન્ય કોઈ સભ્ય દ્વારા કરવામાં આવેલ વાતચીત/રજૂઆત રદબાતલ ગણાશે. ● મિટિંગ દરમિયાન સભ્યોને તેમના વિડીયો ON અને ઓડિયો Un-mute રાખવાની સલાહ છે.

આ મિટિંગ સરક્યુલર મંડળના માનદ્ મંત્રીશ્રીઓ જીજ્ઞેશ કુંવરજી મોતા અને રાજેન્દ્ર મૂલચંદ ધુલ્લા દ્વારા તા.૬ ઓક્ટોબરના સભ્યો માટે જાહેર કરાયેલ છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સાંપ્રત સમયમાં ક.દ.ઓ. જ્ઞાતિના 'ભામાશા'



-: અવતરણ :-
તા.૧૧-૪-૧૯૪૪,

- : અરિહંતશરણ :-
તા.૧૭-૯-૨૦૨૦

## શ્રેષ્ઠીવર્ય શેઠશ્રી તિલોકચંદભાઈ નરશી દંડ

**ગામ : વરાડીયા, હાલે - મલકાપુર**

જ્ઞાતિ સંસ્થાઓના રાહબર, ક.દ.ઓ. જ્ઞાતિની સર્વદિશિય ઉન્નતિની પ્રવૃતિઓમાં સૌની પડખે ઊભા રહેલા પુણ્યશ્લોકી શ્રેષ્ઠિવર્ય ઋુણાનુંબંધ પૂરા કરી, આપણાથી વિદાઈ લઈ સ્મૃતિઓમાં છવાઈ ગયા છે.
વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક, વ્યવસાયિક, ધાર્મિક સંબંધોમાં તેમણે દાખવેલ આત્મિયતા અને દરેક રીતે મદદગાર થવાની ભાવનાને કારણે સૌના તારણહાર થઈ પૂજનિય રહ્યાં છો.
આપના કુટુંબને દુઃખ સહન કરવાનું બળ આપે અને આપના દિવ્ય આત્માને પ્રભુ વહેલી તકે મોક્ષગામી બનાવે એવી પ્રભુને પ્રાર્થના સહ.

-: શ્રદ્ધાસુમન :-

## રમેશ (કુંવરજી) મેઘજી મોતા પરિવાર

**રાપરગઢવારી-મુલુંડ**

# મલકાપુર શ્રી સુમિતિનાથ ભગવાન જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટના સંઘપતિ પદે ભરતભાઈ નરશીભાઈ દંડની વરણી

ખાનદેશ પ્રાંતના મલકાપુર નગરના શ્રી સુમિતિનાથ ભગવાન જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટના સંઘપતિ પદે છેલ્લા ઘણા વર્ષોથી જવાબદારી સંભાળી રહેલા તિલોકચંદભાઈ નરશી દંડના અવસાન બાદ તે પદવી તેમના નાના ભાઈ અને પ્રસિધ્ધ ઉદ્યોગપતિ, સમાજસેવી, ધર્મપ્રેમી શ્રી ભરતભાઈ નરશીભાઈ જેઠાભાઈ દંડ વરાડિયાવાળાની ટ્રસ્ટ બોર્ડ દ્વારા સર્વાનુમતે વરણી કરાઈ છે. વરણી થયા બાદ ભરતભાઈએ આ પદે તેમને જવાબદારી સોંપવા બદલ તેમણે સમાજનો આભાર માન્યો હતો અને તેમણે કહ્યું હતું કે આ સંસ્થા સાથે અમારું કુટુંબ ઘણા વર્ષોથી જોડાયેલો છે અને અમારાથી બનતી દરેકે દરેક સંઘની સેવા અમે કરતા રહેશું.



# કે.ડી.ઓ. વેલ્ફેર એસોસિયેશનની સામાજિક સુરક્ષા યોજના

અત્યારે ઑગસ્ટ ૨૦૨૦ સુધી ૧૧૪૩૩ જ્ઞાતિજનો જોડાયા છે. ૩૭૩ મેમ્બર અવસાન પામતા વારસદારને ૨ કરોડ જેટલી રકમ ચુકવવામાં આવી છે. ૩૪૧૬ મેમ્બર રીટાયર થયા છે તેમને બોનસ સહીત રકમ પરત કરવામાં આવી છે/કરાઈ રહી છે. હાલમાં આ યોજનાનો દૈનિક વહીવટ-નવા અરજીપત્રક પ્રોસેસ, બેંકમાં નવી ફીક્સ ડીપોઝીટ, મેમ્બરશીપ સર્ટિફિકેટ તૈયાર કરવાની, ડેથ તથા રીટાયરમેન્ટ રકમ ચુકવણી, બેંકમા દર મહિને ફીક્સ ડીપોઝીટ રસીદ નવીનીકરણ, રેકોર્ડ વગેરે કાર્ય મુંબઈથી દીપક ગંગાજર ડાઘા સંભાળે છે. ઉપરાંત સંસ્થાના ભુતપુર્વ પ્રમુખ પદમકુમાર ધનજી નાગડા, નલિયા- હુબલી એ આ યોજનાનું શરૂઆતથી રેકોર્ડ અપ ટુ ડેટ રાખવા તન મનથી મહેનત કરી છે.

અત્યારે કોઈ જ્ઞાતિજનોને ફોર્મ જોઈતું હોય, વધારે માહિતી જોઈતી હોય, પોતાની કે પોતાના પરિવારના સભ્યોની મેમ્બરશીપ વિગત જોઈતી હોય તો નીચેના બે કાર્યકર્તાઓનો સંપર્ક સાધવા વિનંતી છે.

૧. દીપક ગંગાજર ડાઘા, ઉપ પ્રમુખ (વરાડીયા-મુલુંડ, મુંબઈ)

વોટસએપ : ૮૭૬૭૭૫૩૦૮૨, મોબાઈલ સંપર્ક : સાંજે ૫.૦૦ થી ૮.૦૦ ક. ઇમેલ : welfarekdogmail.com

૨. શ્રી પદમકુમાર ધનજી નાગડા, ભુતપુર્વ પ્રમુખ (નલિયા -હુબલી)

વોટસએપ : ૮૮૯૨૫૫૨૬૦૭, મોબાઈલ સંપર્ક : સાંજે ૫.૦૦ થી ૮.૦૦ ક. ઇમેલ : padamnagdagmail.com

અત્યારે વર્તમાન પરિસ્થિતિમાં દરેક નવા અરજદારોને વિનંતી છે કે તેઓ ભરવાની રકમ ચેકથી ન મોકલે પરંતુ ડાયરેક્ટ સંસ્થાના બેંક ખાતામાં ઑનલાઇન ભરે. બેંક ખાતની વિગત ફોર્મમા આપેલી છે. તે પછી પ્રથમ ભરેલું ફોર્મ તથા અન્ય દસ્તાવેજ સ્કેન કરી મુંબઈ વોટ્સએપ અથવા ઇમેલ પર મોકલી આપવા અને પછી કુરીયરમાં મુંબઈ ઓફીસે મોકલી આપવા.

# મુંગા અબોલ જીવોનું દર્દ સમજી જીવદયા પ્રેમી પરિવાર એ વિવિધ ગામોની પાંજરાપોળમાં યોગદાન સમર્પિત કર્યું

અબડાસા પંથકના ગામો તેરા, નલિયા, જખૌ, પરજાઉ, સુથરી તથા કોઠારા અને લખપત તાલુકાના ગામ નરા (હાજીપીર)ની પાંજરાપોળમાં જીવદયા પ્રેમી માતુશ્રી રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા પરિવાર સાંધવ, મુલુંડ તરફથી દરેક પાંજરાપોળમાં રૂા.૧૧ હજારનું યોગદાન તા.૯ ઓક્ટોબર શુક્રવાર રોજે પંકજ ડાઘા અને રઘુભા જાડેજા જાતે રૂબરૂ જઈને રકમ અર્પણ કરી આવેલ છે.

દાતા પરિવારની આ ઉદારદિલ યોગદાનની કદર કરી શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ ખૂબ ખૂબ અનુમોદના કરી વંદના કરે છે.

# તિરૂપુર મધે ગાંધી જન્મજયંતિ રક્તદાન શિબિરનું આયોજન થયું





નેશનલ બ્લડ ડોનર ડેના અવસરે ગાંધી જન્મજયંતિ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન તિરૂપુરના જાણીતી સમાજસેવી સંસ્થા મુઅરચી મક્કલ અમયેપુ અને લાયન્સ ક્લબ ઓફ કોટન સિટીના સંયુક્ત ઉપક્રમે તા.૪ ઓક્ટોબર રવિવાર રોજે હરવે કુમાર સ્વામી કલ્યાણ મંડપ સ્થળે તિરૂપુર ગર્વમેન્ટ હોસ્પિટલના દર્દીઓના લાભાર્થે કરાયું.

લાયન્સ ક્લબ પ્રેસિડન્ટ શ્રીબાલા સુબ્રમણ્યમએ સ્વંય બ્લડ ડોનેટ કરી કેમ્પનું ઉદ્દઘાટન કર્યું. આ અવસરે લાયન્સ ક્લબ મેમ્બર્સ મુઅરચી મક્કલ અમયેપુના વાઈસ પ્રેસિડન્ટ સતિષ એચ. નાગડા, સેક્રેટરી પરમશિવમ સંગે અન્ય મેમ્બરર્સ ઉપસ્થિત રહ્યાં હતાં અને સુયોગ્ય વ્યવસ્થા જાળવવા મદદરૂપ થયા હતા.

તિરૂપુર ગર્વમેન્ટ હોસ્પિટલના ડીન ડૉ. વસંતકુમાર અને તેમની ટીમએ ૨૫ યુનિટ બ્લડ જમા કર્યું હતું. હાલે પ્રવર્તતી અસામાન્ય પરિસ્થિતિને લક્ષમાં લઈને મુઅરચી મક્કલ અમયેપુ દ્વારા સમય સમયાંતરે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરી અત્રે હોસ્પિટલના દર્દીઓને માટે બ્લડ જમા કરે છે.

બ્લડ ડોનેશન કેમ્પના સેવાકર્મીઓને સવારનો નાસ્તો અને બપોરનું ભોજન સંસ્થાના વાઈસ પ્રેસિડન્ટ જેઓ હોટલ અરોમાના મેનેજર પણ છે તેમના તરફથી સ્પોન્સર્સ કરાયું હતું.

# તિરૂપુરમાં નિમિત એસ.નાગડા એ ઈમરજન્સી પેશન્ટ માટે રક્તદાન કર્યું

તા.૩ ઓક્ટોબર શનિવારે તિરૂપુરની કુમારાન હોસ્પિટલમાં સર્ગભા મહિલા પેશન્ટને તાત્કાલિક રીતે બ્લડની જરૂરિયાત પડી હતી. પેશન્ટની કટોકટી ભરી હાલતને સમજીને માત્ર એક કોલને સ્વીકારી જ્ઞાતિના સેવાભાવી યુવક નિમિત સતિષભાઈ નાગડાએ તાત્કાલિક મહિલા દર્દીને માટે રક્તદાન કર્યું અને માતા અને નવજાત બાળકની જાન બચાવી હતી.

# નેશનલ બ્લડ ડોનર ડે નિમિત્તે તિરૂપુર મધે સેવાભાવી સંસ્થાનું સર્ટિફિકેટ આપી સન્માન અપાયું



તા.૧ ઓક્ટોબર નેશનલ બ્લડ ડોનર ડે નિમિત્તે તિરૂપુરની ખ્યાતનામ સેવાભાવી સંગઠન મુઅરચી મક્કલ અમયેપુને તિરૂપુર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ડીન ડૉ. વેલી ઐશ્વર્મમૂર્તિ દ્વારા સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા હતા.

તા.૩ ઓક્ટોબરના આયોજિત નાના સમારોહમાં હોસ્પિટલના પ્રોટોકોલ જાળવી ચુનંદા આમંત્રિતોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમમાં સંસ્થાના ઉપપ્રમુખ સતિષ એચ. નાગડા સાથે સભ્યો સંપત કુમાર અને સતિષકુમાર એ સંસ્થાવતી સન્માન ગૌરવ સ્વીકાર્યું હતું. આ અવસરે બ્લડ બેંક ઈનચાર્જ ડૉ. પ્રિયા વસુવશ્વમ તથા ડૉ. વસંતકુમાર સહિત તિરૂપુર ગર્વમેન્ટ હોસ્પિટલના સ્ટાફ મેમ્બર ઉપસ્થિત હતા.

# થાણા નગરમાં ૪૫ દિવસની અર્હમ સાધનાની પીઠિકાના મૂળનાયક પ્રભુની પ્રતિમા દર્શન

થાણા નગરમાં આધ્યાત્મયોગી પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના અનંત આશીર્વાદથી યુવામુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની ૪૫ દિવસની અર્હમ સાધના અદ્‌ભૂત રીતે ચાલી રહી છે. અર્હમ સાધનાની પીઠિકાના મુખ્ય મૂળનાયક પ્રભુની પ્રતિમાના અલભ્ય દર્શન કરીએ.



આ પ્રતિમાની એવી વિશેષતા છે કે આ એક પ્રતિમામાં કુલ્લ ૩૩ પ્રતિમા સમ્મલિત છે. જેમાં સુવર્ણ લબ્ધિ મહાવીર સ્વામિ, અનંત લબ્ધિ ગૌતમ સ્વામી, ગણ સંપત સમૃધ્ધ સુધર્મા સ્વામી આદિ ૧૧ ગણધર, ૧૬ વિદ્યાદેવીઓ સૂરિમંત્રની પાંચ પીઠિકાના આરાધક દેવ-દેવી, મહાલક્ષ્મી (શ્રી દેવી), શ્રુત દેવી સરસ્વતી માતા આદિ અનેક બિંબ આ એક રત્નથી નિર્મિત પ્રતિમામાં સામેલ છે.

આ અદ્બુત પ્રતિમા સર્વ પ્રકારની મનોકામનાઓ પૂરા કરે એવી પ્રભાવશાળી છે.

દર રોજ ગુરૂદેવની સાથે મુંબઈભરમાંથી ૫-૫ વ્યક્તિ આ પરમાત્માની સન્મુખ ૪ કલાક અર્હમ સાધના કરીને જીવનમાં પુણ્યાયુ બંધી પુણ્યની વૃધ્ધિ કરી રહેલ છે.

તમોને જો એક દિવસ આ સાધના ગુરૂ નિશ્રામાં આવીને કરવાની મહેચ્છા હોય તો મિહિરભાઈનો ૭૯૭૭૫૭૮૮૫૯ ઉપર સંપર્ક કરવો.

અગર જે કોઈ સાધક આ સાધના પહેલા પણ કરી છે અને ઈચ્છા છે કે બીજી વાર પાછી આ સાધના કરવી છે તો પણ જરૂર કરી શકે છે. આ સાધન ફક્ત શ્રાવકો માટે છે. માત્ર જૂજ દિવસ બાકી રહ્યાં છે તો Hurry Up. ‘વંદે સર્વોદયમ’ ઉદયો ભવતુ સર્વેષામ.

---

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



*નથી હયાત પણ સાથે છો એવું હંમેશા લાગ્યા કરશે,*
*હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ થયા કરશે.*
*ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરશે,*
*યાદોમાં તમારા પ્રત્યક્ષ રીતે સદાય દર્શન થયા કરશે.*

પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એવી પ્રાર્થના

**સ્વ. ઠાકરશી મેઘજી ગોસર** ઉ.વ. ૮૪
ગામ : બાયઠ, હાલે - ઘાટકોપર
સ્વર્ગવાસ : તા.૦૭-૧૦-૨૦૨૦

-: શ્રદ્ધાસુમન :-

**માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર**
(રાપરગઢવારી-અબડાસા-કચ્છ)



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● અંજારમાં નંદી-આખલાની પ્રથમ આશ્રય સ્થાન નંદી શાળામાં મહંત ત્રિકમદાસજી મહારાજની પ્રેરણાથી જીવંત નંદીનું મંદિર બનાવવાનું કામ ચાલુ છે. ૧૮ દાતાઓ દ્વારા રૂા.૨ લાખ ૩૧ હજારનું દાન નંદી શાળાને મળ્યું છે. હાલે નંદી શાળામાં ૪૦૦ આખલા છે. દરરોજ સવારે દેશી મકાઈ ૭૦ થી ૮૦ મણ અને સાંજે ૬૦ મણનું નીરણ કરાય છે. નંદી મંદિર બનવાનું કામ પૂરજોશમાં શરૂ છે. જ્યાં સવાર સાંજ નંદીની આરતી ઉતારવામાં આવશે.

● કચ્છના હજારો લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગાર આપતા અને એશિયાના સૌ પ્રથમ કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનને ભવિષ્યમાં અત્યાધુનિક ટેકનોલોજી અને સંસાધનો વિકસાવી અનેક નવા એકમો આવકારવાની નેમ કાસેઝના ડેવલોપમેન્ટ કમિશનર રામૈયા ચંદ્રાએ આપી હતી. તેઓ વધુમાં જણાવ્યું હતું કે મોર્ડન ઝોન બનાવવા માટેનું આયોજન પ્રકલ્પ પૂર્ણ કરવાની સમય મર્યાદા સાથે ઘડી કાઢવામાં આવ્યું છે. થ્રીડી પ્રિન્ટિંગ ટેકનોલોજી અસ્તિત્વમાં આવી છે તે કાસેઝમાં લાવવાની તેમણે તેમ વ્યક્ત કરી હતી. અમેરિકામાં નાસાએ એરોપોનિક પધ્ધતિ વિકસાવી છે. તેના માધ્યમથી ફળોનું વાવેતર પ્રકલ્પ હાથ ધરાયો છે. જેના લીધે સમગ્ર ગુજરાતને ફળનો જથ્થો કંડલા સેઝમાંથી પૂરો પાડી શકાશે.

● બોરીવલીમાં રહેતી કચ્છી સમાજની ફિઝિયોથેરેપિસ્ટ ભૂમિ ભરત છેડાને માસ્ટર્સ ડિગ્રી માટે વિદેશ જવાનું હતું. પણ લોકડાઉન જાહેર થતા કોરોના સ્ક્રીનીંગ કેમ્પમાં જોડાઈ કોરોના વોરિયર ફોજની મેમ્બર થઈ છે. ડોણ ગામની આ પુત્રી આર.એસ.એસ. સ્વીચ ઈન્ડિયા અને સેવાકુ સંસ્થા તરફથી અંધેરી મરોલમાં અઠવાડિયા સુધીના સ્ક્રીનિંગ ટીમમાં રોજના ૨૦૦ જણની ટેસ્ટ કરે છે. આવી કુલ્લ ૧૧ ટીમો છે જે રોજે બે હજાર લોકોનું સ્ક્રીનિંગ કરે છે. કોઈ વ્યક્તિ હાઈરિસ્ક અથવા પોઝિટિવ થઈ શકે છે એવું લાગે તેને પાલિકાને રિફર કરીને તેનો પાલિકાની હોસ્પિટલમાં કોરોના ટેસ્ટ કરાય છે.

● મહિલાઓ ઘણા સમયથી પુરૂષ સમોવડી બનવાની દિશામાં અગ્રેસર છે અને ક્યાંક તો આગળ પણ કળી ગઈ છે. ત્યારે પોસ્ટ વિભાગમાં તમામ કર્મચારી મહિલાઓ જ હોય તેવી કચ્છના પ્રયાણ ડાક કચેરી ભુજના દરબાર ગઢ ચોકમાં સાંસદ વિનોદ ચાવડા અને ધારાસભ્ય નીમાબેન આચાર્ય દ્વારા ખુલ્લી મૂકવામાં આવી. આ કચેરીમાં બહેનો પોસ્ટ ઓફિસના ચાલતા બચત ખાતા આર.ડી.ખાતા, ટી.ડી.ખાતા, એસ.બી.પી.એમ.વાય., જે.જે.વાય, પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ, અટલ પેન્શન યોજના, સુકન્યા સમૃધ્ધિ યોજના સહિતની કામગીરી કરશે. અલબત આ પોસ્ટ ઓફિસમાં પુરૂષો પણ પોતાના કામકાજ માટે જઈ શકશે.

● ભારત સરકાર દ્વારા વંદે ભારત મિશન હેઠળ એર ઈન્ડિયાના બોઈંગ ૭૭૭ એર કાફ્ટમાં શિકાગોથી કોરોના મહામારીમાં ફસાયેલા ૩૨૫ ભારતીય નાગરિકોને લઈને દિલ્હીમાં વિમાન ઉતરવું. તેમાં કેપ્ટન તરીકે કચ્છની દીકરી ઉર્વી ગિરીશ ગૌરી શંકર જોષી-ધોલી ખાસ ફરજ બજાવી કચ્છનું ગૌરવ વધાર્યું. ઉર્વી ૨૦૧૬થી એર ઈન્ડિયામાં ફરજ બજાવે છે અને મુંબઈ તેનું બેઝ છે. કસ્ટમ એજન્ટ રિજિયોનલ મેનેજર ગુજરાત તરીકે ફરજ બજાવતા પિતા ગિરીશ ગૌરીશંકર જોષી-ધોલી અને કંડલામાં પ્રથમ મહિલા જ્યોતિષી હિના જોષી મૂળ ગામ માંડવી તાલુકાનું બાયઠ ગામ હાલે આદિપુરની કુળ દિપીકા પુત્રી ઉર્વી છે. જેઓ બ્રહ્મ સમાજને ગૌરવ અપાવ્યું છે.

# કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડ

**ફોર્મનું રજીસ્ટ્રેશન ભરવા માટે નીચે આપેલ લીંક પર ક્લીક કરો**

**CLICK HERE**

સુજ્ઞ જ્ઞાતિજનો જોગ,
પ્રણામ !!
જય જિનેન્દ્ર

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના નેજા હેઠળ કાર્યરત વિવિધ યોજનાઓ અંતર્ગત કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડની સ્કીમને સર્વે મહાજન-મંડળ એવમ જ્ઞાતિજનોના સુંદર સાથ સહકારથી અત્યાર સુધીની સફર બહુજ સરસ રહી છે આવો જ સાથ સહકાર મળતો રહે ને આપ જેમણે કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડ હજી સુધી નથી લીધા તે સર્વે જ્ઞાતિજનોને નમ્ર નીવેદન છે કે આપશ્રી આજે જ આપના મહાજનનો સંપર્ક સાધી કે. ડી.ઓ. ગ્લોબલ કાર્ડના સભ્ય બની શકો છો અથવા www.kdosm.in ઓનલાઈન આવેદન કરી શકો છો અથવા આપ ગુગલ ફોર્મ પણ ભરીને આજે જ કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડના સભ્ય બનીને જ્ઞાતિ પ્રત્યેની ફરજ અદા કરી શકો છો.

ગુગલ ફોર્મ ભરવા સરળતા પડે તે માટે સ્ટેપ બાય સ્ટેપ સમજણ આપવામાં આવેલ છે. તે છતાય ક્યાંય મુંઝવણ થાય તો વધુ વિગત મદદ માટે આજે જ સંપર્ક સાધશો.

કે.ડી.ઓ. સેવા – ૯૦૯૯૦૪૧૪૧૪.


KDO GLOBAL CARD REGISTRATION
* Required
Email address *
Your email
KDO GLOBAL CARD
Name(FIRST,MIDDLE,LAST ) *
Your answer
Address *
Your answer
Date Of Birth *
Date
Vasti Patrak Number *
Your answer
Name as per Vasti Patrak *
Your answer
Village(Kutch) *
Your answer
Self-Mobile Number *
Your answer
Emergency Phone Number *
Your answer
Occupation
Your answer
Email
Your answer
Blood Group *
Choose
Family Income *
Choose
Local Mahajan *
Your answer
Payment Option (IMPS/Fund Trsf/Cash/Cheque Deposit) *
Your answer
Aadhar Card/Pan Card/Passport/Voter Id(ANY 1)
Add File
Submit

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**કમલેશ મણિલાલ મોતા**
તા.૦૬ ઓક્ટો. (ઉ.૫૬)
દલતુંગી-મુંબઈ



**ઠાકરશી મેઘજી ગોસર**
તા.૦૭ ઓક્ટો. (ઉ.૮૪)
બાયઠ-ઘાટકોપર



**ચંદ્રકાંત વેલજી ધરમશી**
તા.૦૩ ઓક્ટો. (ઉ.૭૧)
સુથરી-અંબડ



**શાંતિલાલ લાલજી છેડા**
તા.૦૪ ઓક્ટો. (ઉ.૭૬)
સુથરી-મુલુંડ (ઈસ્ટ)



**પલ્લવી ગોવિંદજી દંડ**
તા.૦૭ ઓક્ટો. (ઉ.૭૯)
લાલા-નાંદગાવ



**પ્રેમીલા સોમચંદ નાગડા**
તા.૦૯ ઓક્ટો. (ઉ.૬૪)
તેરા-સાંગલી



**મીરાબાઈ ઝવેરચંદ્ર ખોના**
તા.૦૫ ઓક્ટો.(ઉ.૭૩)
તેરા-ડોંબિવલી



**નવલબેન સોમચંદ લોડાયા**
તા. ૦૩ ઓક્ટો. (ઉ.૭૨)
નલિયા-ડોંબિવલી (પૂ.)

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

**પરમ પ્રભુ પરમાત્મા સદ્‌ગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના**

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)